વીતી ગઇ તે ક્ષણ, પશ્ચાતાપથી પ્રાપ્ત થતી નથી
- સ્વેટ માર્ડન

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૧૭ | ૨૮ જાન્યુઆરી, ૨૦૧૩, સોમવાર; પોષ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજે તાલુકા પંચાયતની ૩૧ બેઠકોની ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ થશે

બે ચૂંટણી અધિકારીઓ, બે લાખથી વધુ મતદારો મતદાન કરશે : ૨૬૩ મતદાન મથકો નિયત કરાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકોની સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામુ આજે વિધિવત્ રીતે પ્રકાશિત કરવામાં આવશે. આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ તાલુકા પંચાયતની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ગાંધીનગર તાલુકા પંચાયત

મતદારો કુલ	૨,૦૮,૭૨૭
પુરૂષ મતદારો	૧,૦૭,૮૧૨
સ્ત્રી મતદારો	૧,૦૧,૯૧૫
કુલ બેઠક	૩૧ બેઠક
ચૂંટણી અધિકારી	૨
પોલીંગ સ્ટાફ	૧૮૪૧
પોલીસ સ્ટાફ	૫૨૬
મતદાન મથક	૨૬૩

બે લાખ નવ હજાર સાતસો સત્તાવીસ મતદારો દ્વારા આ ચૂંટણીમાં મતદાન થશે. આ માટે ૨૬૩ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. આ ચૂંટણી માટે ૨જી ફેબ્રુઆરી સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. ૪થી ફેબ્રુઆરીના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી થશે જ્યારે ૫મી ફેબ્રુઆરી સુધીમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે.

આ ચૂંટણીમાં ૨૦૮કા મતદાન મથકો સંવેદનશીલ છે. જો કે મતદાન મથકો સંવેદનશીલ ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ ઘોષિત કરવામાં આવશે.

આ ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે ૫૨૬ પોલીસ કર્મીઓને ફરજ સોંપવામાં આવશે. જ્યારે ૧૮૪૧ કર્મચારીઓને જુદી જુદી ચૂંટણીની ફરજો સોંપવામાં આવશે. આ માટે તંત્રએ સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.

વિધાનસભાની ચૂંટણીઓ તાજેતરમાં જ સંપન્ન થઈ છે અને તાલુકા પંચાયતની ચૂંટણી જાહેર થતાં જ તાલુકામાં રાજકીય ગતિવિધિઓ તેજ બની જવા પામી છે.

૧૭મી ફેબ્રુઆરીના રોજ આ ચૂંટણી માટે મતદાન યોજાશે. જ્યારે ૧૯મીએ મતગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે.

તાલુકા પંચાયતની ૩૧ બેઠકો પૈકી ૧૪ બેઠકો માટે મામલતદાર અને ૧૭ બેઠકો માટે તાલુકા વિકાસ અધિકારીને ચૂંટણી અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે. આ બન્ને ચૂંટણી અધિકારીના હાથ નીચે બે નાયબ ચૂંટણી અધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી છે.

આ ચૂંટણી માટે બન્ને પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની કવાયત લગભગ સંપન્ન થઈ ગઈ છે અને પ્રદેશ સમિતિએથી મંજૂરી મળતાં જ તેની વિધિવત્ જાહેરાત બન્ને પક્ષો દ્વારા કરવામાં આવશે.

આ ચૂંટણીમાં સીધો જંગ ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ ખેલાશે તેમ હાલ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ જિલ્લાભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની પ્રચાર ઝુંબેશ વેગીલી બની જશે. હાલ ૧૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેની પ્રચારઝુંબેશને લઈ ગ્રામ્ય વિસ્તારમાં રાજકીય માહોલ ગરમાયેલો જોવા મળે છે. જો કે પંચાયતોની ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી નથી. જિલ્લાની ૧૦ ગ્રામ પંચાયતો પૈકી ૪ પંચાયતો સમરસ બની છે તે ઉલ્લેખનીય છે.

આ પંચાયતોની ચૂંટમી સંપન્ન થતાં જ નગરપાલિકાની ચૂંટણી જે પક્ષના પ્રતીક પર લડાઈ રહી છે તેની પ્રચાર ઝુંબેશ વેગીલી બનશે. નગરપાલિકાની ચૂંટણીમાં ૧૦મી ફેબ્રુઆરીએ મતદાન થનાર છે.

આમ ફેબ્રુઆરીનું પ્રથમ પખવાડિયું મતદાન અને મતગણતરીવાળુ બની રહેશે. આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે જિલ્લાના રાજકારણમાં પણ નવા સમીકરણો બનશે.

નગરપાલિકાની ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્રોની ચકાસણી

ગાંધીનગર, તા. ૨૭

માણસા નગરપાલિકા અને પેથાપુર નગરપાલિકાની પેટા-ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે.

માણસા નગરપાલિકાની ૨૭ બેઠકો માટે ૧૨૪ ઉમેદવારોએ મેદાનમાં ઝંપલાવ્યુ છે. જ્યારે પેથાપુર નગરપાલિકાની એક બેઠક માટે પાંચ ઉમેદવારી પત્રો ભરાયા છે.

માણસા નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની ચકાસણી કલોલ પ્રાંત અધિકારીની કચેરી ખાતે કરવામાં આવશે. જ્યારે પેથાપુર નગરપાલિકા માટે ઉમેદવારી પત્રોની ચકાસણી ગાંધીનગર પ્રાંત અધિકારીની કચેરી ખાતે હાથ ધરવામાં આવશે.

માણસા નગરપાલિકામાં અપક્ષ ઉમેદવારોએ મોટી સંખ્યામાં ઝુકાવતાં આ વખતનો જંગ રસપ્રદ બનશે. પેથાપુરની પેટાચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે.

બે જિલ્લા પંચાયત અને ૧૫ તાલુકા પંચાયતની ૪૬૬ બેઠકો માટે જંગ ખેલાશે

આજે રાજ્યની બે જિલ્લા પંચાયત ખેડા અને બનાસકાંઠા તેમજ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકોની પેટા-ચૂંટણી ઉપરાંત ૧૫ તાલુકા પંચાયતની ૪૬૬ બેઠકો માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થશે.

આ બધી જ ચૂંટણીઓ ઈ.વી.એમ. દ્વારા થનાર છે. બનાસકાંઠા જિલ્લાની ૫૫ બેઠકો અને ખેડા જિલ્લા પંચાયતની ૪૧ બેઠકો છે. સૌથી મોટી તાલુકા પંચાયત ગાંધીનગર છે. જે ૧૫ તાલુકા પંચાયતની ચૂંટણી છે તેમાં ૧૨ તાલુકા પંચાયતો બનાસકાંઠા જિલ્લાની તથા બે તાલુકા પંચાયતો ખેડા જિલ્લાની છે.

ધ્વજ વંદન... - પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણી આદિવાસી વસ્તીથી છલોછલ ડાંગ જીલ્લાના આહવા ખાતે યોજાઈ હતી. મહામહિમ્ રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલ ત્રિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી તે સમયે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસના ભરચક કાર્યક્રમોથી સમગ્ર ડાંગ વિસ્તારમાં ઉલ્લાસ છવાયો હતો.

મા-જગદંબા પ્રાગટ્યોત્સવ - આજે પોષ સુદ-પુનમે મા-જગદંબાનો પ્રાગટ્ય મહોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો હતો. સેક્ટર-૧૩ સ્થિત જયઅંબે પરિવાર દ્વારા માતાજીના પ્રાગટ્ય મહોત્સ નિમિત્તે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. મહાઆરતી, સ્તુતિગાન, અન્નકૂટ, રક્તદાન અને તેજસ્વી તારલાઓના સન્માન જેવા કાર્યક્રમો યોજાયા હતા. રવિવારની બપોરે યોજાયેલ મહાઅન્નકૂટમાં માતાજીના ચરણે છપ્પનભોગ ધરાવાયા હતા... **(તસવીર : દિપક જાની)**

નરેન્દ્ર મોદી અને રાજનાથસિંહ વચ્ચે આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે વિસ્તૃત ચર્ચા

ગુજરાતના મુખ્યપ્રધાનને મોટી જવાબદારી સોંપવા માટેની તૈયારી : બન્નેની વચ્ચે વાતચીત બે કલાકથી વધારે સમય સુધી ચાલી : વાતચીત બાદ કોઇ વિગત આપવા બન્નેનો ઈન્કાર : હાલમાં રાજકીય સ્થિતી પર પણ ચર્ચા

નવી દિલ્હી, તા. ૨૭

ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ભાજપના નવા પ્રમુખ રાજનાથસિંહને મળ્યા હતા. બન્ને નેતાઓએ વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીના મુદ્દે મુખ્ય રીતે ચર્ચા કરી હોવાના અહેવાલ મળ્યા છે. બેઠકમાં કયા કયા મુદ્દે ચર્ચા કરવામાં આવી તે અંગે સત્તાવાર વિગત જાણી શકાઇ નથી પરંતુ તમામ પાસાઓ પર ચર્ચા થઈ હોવાના અહેવાલ મળ્યા છે. મોદીને વધુ મોટી ભૂમિકા સોંપવાના પ્રશ્ને પણ ચર્ચા થઈ હોવાના બિનસત્તાવાર અહેવાલ મળ્યા છે. વડાપ્રધાન પદના ભાજપમાં સૌથી પ્રબળ ઉમેદવાર નરેન્દ્ર મોદી નવા પ્રમુખને મળ્યા ત્યારે તેમને અભિનંદન પણ આપ્યા હતા. વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી પ્રશ્ને મુખ્ય ચર્ચા થઈ હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીતમાં બન્ને નેતાઓએ કોઈ વિગત આપવાનો ઈન્કાર કર્યો હતો.

આ બેઠક બે કલાકથી વધારે સમય સુધી ચાલી હતી. જેમાં વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીના પ્રશ્ને ચર્ચા કરવામાં આવી હતી. રાજનાથસિંહે કહ્યું હતું કે જે દિવસે તેઓ પ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યા હતા તે દિવસે મોદીએ ફોન કર્યો હતો અને અભિનંદન આપ્યા હતા. હવે તેઓ દિલ્હી મળવા માટે પહોંચ્યા છે. અમે કલાકો સુધી સાથે બેઠા હતા અને ગુજરાતમાં વિધાનસભાની હાલમાં થયેલી ચૂંટણી અને વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી અંગે ચર્ચા કરી હતી. બીજી બાજુ તેમના નિવાસસ્થાને મળવા માટે પહોંચેલા મોદીએ કહ્યું હતું કે ગુજરાતમાં વધુ ક્યાં પગલા લેવામાં આવી શકે છે તે મુદ્દે તેઓએ રાજનાથસિંહ પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. મોદીએ કહ્યું હતું કે ગુજરાત અને ભારતના લોકોની વધુ સેવા ભાજપ કઈ રીતે કરી શકે છે તે મામલે પણ માર્ગદર્શન માગ્યું હતું. મોદીએ કહ્યું હતું કે આગામી સામાન્ય ચૂંટણીના પ્રશ્ને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજનાથસિંહ બુધવારે સર્વસંમતિથી ભાજપના પ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યા હતા. રાજનાથસિંહની નિતિન ગડકરીની જગ્યાએ પસંદગી કરવામાં આવી હતી. ગડકરીએ બીજી અવધિ માટે તૈયારી બતાવી ન હતી. કારણ કે હાલ તેઓ ઈન્કમ ટેક્સના સંકજામાં આવેલા છે. તેમની સાથે સંબંધિત પુર્તિ ગ્રુપમાં સામેલ કંપનીઓમાં નાણાંકીય ગેરતિતીના આક્ષેપ બાદ છેલ્લી ઘડીએ ગડકરી સ્પર્ધામાંથી ખસી ગયા હતા. હવે રાજનાથસિંહ વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ભાજપને માર્ગદર્સન આપશે. મોદી સાથે તેમની બેઠકને મહત્વપૂર્ણ ગણવામાં આવેછે. કારણ કે મોદીને ભાજપમાંથી વડાપ્રધાનપદના ઉમેદવાર પૈકીના સૌથી મજબુત ઉમેદવાર તરીકે ગણવામાં આવે છે. જો કે ભાજપે વડાપ્રધાનપદના ઉમેદવાર મામલે હજુ કોઈ ખુલાસો કર્યો નથી. કોઈને પણ હજુ પ્રોજેક્ટ કરવામાં આવ્યા હતા. મોદીનુ નામ હાલ સૌથી આગળ છે. મળેલી માહિતી મુજબ મોદી બપોરે ૧૨ વાગે રાજનાથસિંહને મળવા માટે પહોંચ્યા હતા. મોદીનુ રાજનાથસિંહના નિવાસે ભાજપના હજારો કાર્યકરોએ ઉત્સાહ-ઉમંગભેર બેન્ડવાજા સાથે સ્વાગત કર્યું હતું. મોદી પહોંચ્યા ત્યારે રાજનાથસિંહ બહાર આવીને મોદીને ભેટી પડ્યા હતા.

રૂપાલ વરદાયિની માતાના મંદિરના વિકાસ માટે ૫૦ લાખની ખાસ ગ્રાન્ટ

રાજ્યના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂ. ૫૦ લાખની ખાસ ગ્રાન્ટ જિલ્લા કલેક્ટરના હસ્તક મુકવામાં આવી : મંદિર અને તેના પરિસર વિસ્તારમાં વિકાસના કામોનું આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ વરદાયિની માતાના મંદિરના વિકાસ માટે રાજ્યના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂ. ૫૦ લાખની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

વરદાયિની માતા મંદિર પ્રસિદ્ધ મંદિર છે તેમજ પુરાણોમાં પણ તેનો ઉલ્લેખ થયેલો છે. અહિ વિજયાદશમીના દિવસે પ્રસિદ્ધ પલ્લીનો મેળો પણ યોજાય છે.

વરદાયિની માતાના મંદિરના વિકાસ માટે રાજ્ય સરકારના આ જાહેર સાહસ દ્વારા આટલી મોટી રકમની ફાળવણી પ્રથમ વખત કરવામાં આવી છે. યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ રકમની ફાળવણી કરી અને તે જિલ્લા કલેક્ટરશ્રીને હવાલે મુકવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે હવે વિકાસના કામોનું આયોજન કરી અને તેના નકશા તથા અંદાજો બોર્ડને મોકલી આપવામાં આવશે. ત્યાંથી તકનીકી મંજૂરી મળતાં જ આ કાર્યો હાથ ધરવામાં આવશે.

મંદિર અને તેના પરિસર ઉપરાંત મંદિરની આસપાસના વિસ્તારમાં વિકાસના કામોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ માટે ટ્રસ્ટની બેઠક મળશે અને તેમાં દરખાસ્તોને આખરી ઓપ આપવામાં આવશે.

રાજ્ય સરકારે જિલ્લા કક્ષાએ પણ પ્રવાસન નીતિ અંતર્ગત આ મંદિરના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવી હતી. હવે વધુ એક વખત આટલી મોટી રકમ ફાળવવામાં આવતાં માઈ-ભક્તોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

જોઈએ છે

ગાંધીનગરથી નજીક પ્રતિષ્ઠિત હોસ્પિટલ માટે મેડીકલ ઓફીસર (MBBS) અરજી તથા અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ મળો.

સેક્રેટરીશ્રી
શેઠ એન.એન. સાર્વજનિક હોસ્પિટલ
રાંધેજા, તા. જી. ગાંધીનગર.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૫, મો ૯૭૪૧૯૮૩૭૭

આકર્ષક બિઝનેસ

પાર્ટ ટાઈમ / ફુલટાઈમ
MNC સાથે બિઝનેસ તક
હાઉસ વાઈફ, વેપારી, નોકરીયાત, રીટાયર્ડ, વિદ્યાર્થીઓ (૧૮ વર્ષ ઉપરના માટે)
નો-ઈન્વેસ્ટમેન્ટ, અનલીમીટેડ કમાવો
સંપર્ક કરો
મો. ૮૪૬૦૫૮૦૩૮૬
મો. ૮૪૬૯૧૭૦૬૦૩